GJMR020046712025

દાખલ તારીખ :– ૨૮/૦૫/૨૦૨૫
નોંધ્યા તારીખ :– ૨૮/૦૫/૨૦૨૫
ફેંસલ તારીખ :– ૧૫/૦૫/૨૦૨૬

સમયગાળો :– વર્ષ ૦૦ મહિના ૧૧ દિવસ ૧૭

**એડીશ્નલ ચીફ જયુડી.મેજી.સાહેબશ્રીની કોર્ટમાં.મુ.મોરબી.**

| | |
|---|---|
| **ફોજદારી કેસ નં.** | **૩૬૫૫/૨૦૨૫** |
| **આંક–** | **૧૨** |
| **મોરબી એ ડિવી.પો.સ્ટે.એ–પાર્ટ ગુ.ર.નં.** | ૧૧૧૮૯૦૦૪૨૫૦૭૦૬/૨૦૨૫ |

| | |
|---|---|
| **ફરિયાદી** | શ્રી સરકાર |
| ફરિયાદી તરફે | વિ.એ.પી.શ્રી એન.વાય.વાઘજીયાણી |
| **વિરૂધ્ધ** | |
| **આરોપી** | અલ્યાસભાઈ નુરઅલીભાઈ કાજેડીયા,<br>રહે.વેજીટેબલ રોડ આદર્શ સોસાયટી, તા.જી.મોરબી. |
| આરોપી તરફે | વિ.વ.શ્રી ડી.કે.જોષી |

| | |
|---|---|
| બાબત:– | બી.એન.એસ.કલમ–૨૮૧ તથા એમ. વી. એકટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબ |

**–:: ફોર્મ–બી ::–**

| | |
|---|---|
| **ફરીયાદ આપ્યાની તારીખ** | ૨૬/૦૪/૨૦૨૫ |
| **ફરીયાદ રજીસ્ટર્ડ કર્યાની તારીખ** | ૨૭/૦૪/૨૦૨૫ |
| **ચાર્જશીટ રજૂ થયા તારીખ** | ૨૮/૦૫/૨૦૨૫ |
| **પ્લી લીધાની તારીખ** | ૧૭/૦૩/૨૦૨૬ |
| **પુરાવો શરુ કર્યાની તારીખ** | ૧૫/૦૪/૨૦૨૬ |
| **ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ** | ૧૫/૦૪/૨૦૨૬ |
| **ચુકાદો જાહેર કર્યાની તારીખ** | ૧૫/૦૫/૨૦૨૬ |
| **જો સજા કરેલી હોય તો તે તારીખ** | ––– |

## –: આરોપીની વિગત :–

| | |
|---|---|
| આરોપીઓનું નામ | અલ્યાસભાઈ નુરઅલીભાઈ કાજેડીયા |
| અટક કર્યા તારીખ | ૨૬/૦૪/૨૦૨૫ |
| જામીન પર છોડયા તારીખ | ૨૬/૦૪/૨૦૨૫ |
| ગુન્હો | બી.એન.એસ.કલમ–૨૮૧ તથા એમ. વી. એકટની કલમ ૧૭૭, ૧૮૪ |
| તકસીરવાન/નિર્દોષ | નિર્દોષ |
| સજા | –– |
| બી.એન.એસ.એસ.ની કલમ: ૪૬૮ માટે કસ્ટડીમાં રહેલ સમય | –– |

## –: ફોર્મ–સી :–

**ફરિયાદ પક્ષે/ બચાવ પક્ષે / કોર્ટ તરફે સાહેદ લિસ્ટ :–**

**એ./ ફરિયાદ પક્ષે સાહેદ લિસ્ટ :–**

| ક્રમ | મૌખિક પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી નરેન્દ્રસિંહ રઘુવીરસિંહ જાડેજાની જુબાની | ૦૬ |
| ૨ | પંચસાહેદ સમસુદીનભાઈ અબ્દુલભાઈ અજમેરીની જુબાની | ૦૮ |

**ફરિયાદ પક્ષે/ બચાવ પક્ષે / કોર્ટ પક્ષે આંક :–**

**એ./ ફરિયાદ પક્ષે દસ્તાવેજી લિસ્ટ :–**

| ક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૦૭ |

| | | |
|---|---|---|
| ૨ | પંચનામું | ૦૯ |

**તારીખ :–** ૧૫/૦૫/૨૦૨૬
**સ્થળ :–** મોરબી.

**(પ્રશાંત પરમાનંદ શાહ)**
એડિશનલ ચીફ જ્યુડિશિયલ
મેજીસ્ટ્રેટ**,** મોરબી.
(U.I.C.NO. GJ00665 )

---

**–:: ઠરાવ ::–**

**૧.** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે**,** આ કામે મજકુર ઇસમે પોતાના હવાલાની CNG રીક્ષા રજી નં GJ 03 CT 7700 રોંગ સાઇડમા માણસોની જીંદગી જોખમાય તે રીતે ચલાવી મળી આવતા આરોપી વિરૂધ્ધ બી.એન.એસ. કલમ-૨૮૧ તથા એમ. વી. એકટની કલમ- ૧૭૭**,** ૧૮૪ મુજબ મોરબી સીટી એ ડિવી. પો.સ્ટે. એ–પાર્ટ ગુના રજી. નં. ૧૧૧૮૯૦૦૪૨૫૦૭૦૬/૨૦૨૫ થી આપતાં તેની તપાસ કરી, તપાસ કરનાર અમલદારે આરોપીને અટક કરી, લાગતાં વળગતાં સાહેદોનાં નિવેદનો લઈ, તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ગુન્હો બનતો હોવાનો પુરાવો હોય અત્રેની કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરેલ.

૨. આ કામના આરોપીને ના. કોર્ટ દ્વારા હાજર રહેવા પ્રોસેસ ઈસ્યુ કરતા આરોપી હાજર થતાં આરોપીને બી.એન.એન.એસ. ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો આપ્યાની ખાતરી કર્યા બોદ આરોપીની ગુના સંબંધી આંક–૦૪ થી પ્લી નોંધતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ છે. જેથી આ કામે આગળની ઈન્સાફી કાર્યવાહી કરવામાં આવેલ છે.

**3.** ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં ફોર્મ સી મુજબના મૌખીક

તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

૪. ઉપરોકત પુરાવો રજુ થયા બાદ ફરીયાદપક્ષે અન્ય કોઈ મૌખીક કે લેખીત દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ નથી. આ કામે કેસના સંજોગો તથા રજુ થયેલ પુરાવો જોતા આરોપી વિરૂધ્ધનો પુરાવો જણાતા આરોપીઓનું સી.આર.પી.સી.ની કલમ–૩૧૩ અન્વયેનું નીવેદન નોંધવા લાયક પુરાવો ન હોવાથી વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

૫. આ કામે સદરહુ કેસના ન્યાયીક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દાઓ ::–**

**:૧:** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામે મજકુર ઇસમે પોતાના હવાલાની CNG રીક્ષા રજી નં GJ 03 CT 7700 રોંગ સાઇડમા માણસોની જીંદગી જોખમાય તે રીતે ચલાવી મળી આવતા, આરોપીએ બી.એન.એસ. કલમ–૨૮૧ તથા એમ.વી.એકટની કલમ– ૧૭૭, ૧૮૪ મુજબનો શીક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

**:૨:** શું હુકમ ?

૬. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે. :

**૧. નકારમાં**

**૨. આખરી હુકમ મુજબ**

**<u>–:: નિર્ણયના કારણો ::–</u>**

**મુદ્દા નંબર – ૧:–**

૭. આ કામે ફરિયાદ પક્ષના સાહેદોના પુરાવાની ચર્ચા કરીએ તે અગાઉ એ નોંધવુ જરૂરી છે કે, ફરિયાદ પક્ષ દ્વારા જે દસ્તાવેજી પુરાવો રજૂ

કરવામાં આવેલ છે, તે દસ્તાવેજી પુરાવાને મૌખિક પુરાવાનું સમર્થન મળવું જરૂરી છે.

૮. ફરિયાદ પક્ષે આંક–૦૬ થી આ કામના ફરીયાદી નરેન્દ્રસિંહ રઘુવીરસિંહ જાડેજાનાઓને તપાસવામાં આવેલ છે, અને તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, ગઇ તારીખ ૨૬/૦૪/૨૦૨૫ ના રોજ અમો તથા અન્ય પોલીસ કર્મચારી મોરબી તરગારા સ્ટેનડ થી શીવાની સીઝન ફટાકડા તરફ જવાના રસ્તા પર ટ્રાફીકની કામગીરીમાં હતા. તે દરમ્યાન ત્યાંથી એક વાહન ચાલક ઇસમ પોતાના હવાલાવાળા વાહન પૂરઝડપે અને બેદરકારી રીતે ચલાવી લાવી નીકળતા તેમને ઉભા રાખી નજીકમાંથી પંચો બોલાવી તેનું નામ પૂછતા પોતે પોતાનું નામ અલ્યાસભાઈ નુરઅલીભાઇ કાજેડીયા રહે. મોરબી વાળા હોવાનું જણાવેલ અને સદર ઇસમ વાહન પૂરઝડપે અને બેદરકારી રીતે ચલાવતા હોય સદર ઇસમની ધોરણસર પંચનામાની રૂએ અટક કરેલી. સદર ઇસમ વિરૂધ્ધ અમોએ આરોપી વિરૂધ્ધ મોરબી સીટી એ ડીવી. પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલ. મને આ કામે રજૂ ફરીયાદ બતાવવામાં આવે છે જે હું ઓળખી બતાવું છું. જેને રજૂ દાખલ આંક ૭ આપવામાં આવે છે. જે ગુન્હાની તપાસ ડી. આર. ઝાલા, પો. હે. કો. ને સોંપતા તપાસ સંભાળી લઈ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. આરોપી વિરૂધ્ધ પૂરતો પુરાવો હોય, નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને જોયેથી હું ઓળખી શકું છું.

૮.૧ સદરહુ ફરિયાદીની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે પંચોના નામ ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળું સ્થળ લોકોના અવર–જવર વાળું અને વસ્તીવાળું સ્થળ છે. એ વાત ખરી છે કે અમે કયા વાહનમાં ગયેલા તે ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે પોલીસે કરેલ કાર્યવાહીની નોંધ સ્ટેશન ડાયરીમાં કરવાની હોય છે. એ વાત ખરી છે કે હાલના કામે સ્ટેશન ડાયરીની નોંધ રજૂ

કરેલ નથી. એ વાત ખરી છે કે અમારા ઉપરી અધિકારી તરફથી વારંવાર ટ્રાફીક અંગેના કેસ કરવાની સૂચના આપવામાં આવે છે અને તેની ડ્રાઇવ કરવામાં આવે છે.

૯. આ કામે ફરિયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં આંક–૦૮ થી પંચસાહેદને તપાસવામાં આવેલ છે, જેઓ પંચસાહેદ સમસુદીનભાઈ અબ્દુલભાઈ અજમેરીનાઓને તપાસવામાં આવેલ છે, પરંતુ આ પંચોની જુબાની જોતાં તેમણે આંક–૦૯ ના પંચનામામાં પોતાની સહી ઓળખવાથી વિશેષ કોઈ જ હકીકતને સમર્થન આપેલ નથી. તેમજ તેઓને ફરી ગયેલા સાક્ષી જાહેર કરાયા બાદ તેઓની ઉલટતપાસમાં પણ તેઓએ ફરિયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

**૧૦. ફરિયાદપક્ષે રજૂ પુરાવાનું મૂલ્યાંકન કરતાં અગાઉ ફોજદારી ન્યાય પ્રણાલીના પ્રચલિત સિદ્ધાંત અત્રે નોંધવા જરૂરી જણાય છે.**

(૧) "ફરિયાદ પક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર રહીને પુરવાર કરવાનો રહે છે. જો તેમ કરવામાંફરિયાદ પક્ષ સફળ થાય નહી, અને વ્યાજબી શંકાથી પર રહીને પોતાનો કેસ પુરવાર કરી શકે નહી, તો આરોપીને જે તે તહોમત બદલ દોષિત ઠરાવી શકાય નહી."

(૨) " કોઈ ફોજદારી કેસમાં આરોપી પોતે નિર્દોષ છે, તેવું પુરવાર કરવાનો બોજો આરોપી ઉપર નથી. પરંતુ આરોપી દોષિત છે, તે હકીકત વ્યાજબી શંકાથી પર રહીને ફરિયાદપક્ષે પુરવાર કરવાની રહે છે. આરોપીએ તો માત્ર પોતાના બચાવ દ્વારા ફરિયાદ પક્ષે રજૂ પુરાવા ઉપરથી વ્યાજબી શંકા ઉત્પન્ન કરવાની છે. વ્યાજબી શંકા એટલે કોઈ હકીકત, બનાવ કે ઘટનાના અસ્તિત્વ વિશે સામાન્ય સમજ શકિત ધરાવતી વ્યક્તિના મનમાં શંકા ઉભી થાય તેવી શંકા.

ફરિયાદપક્ષે રજૂ ઉપરોક્ત પુરાવાની સાથે ભારતીય ન્યાય પ્રણાલીના પ્રચલિત સિદ્ધાંત ધ્યાને લેવો જરૂરી છે, જે મુજબ ફરિયાદ પક્ષે આરોપી સામેનો પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર રહીને પુરવાર

કરવો જોઈએ. વ્યાજબી શંકાથી પર રહીને પોતાનો કેસ પુરવાર કરવાની જવાબદારી ફરિયાદ પક્ષની છે, અને જો ફરિયાદ પક્ષ પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર રહીને પુરવાર કરવામાં સફળ થાય નહિ તો આરોપીને જે તે તહોમત બદલ દોષિત ઠરાવી શકાય નહી. આરોપીની નિર્દોષતા પુરવાર કરવાનો બોજો આરોપી ઉપર નથી, પરંતુ આરોપી દોષિત છે, તે હકીકત શંકાથી પર રહીને પુરવાર કરવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર છે.

ઉપરોક્ત મુદ્દા અંગે રજૂ પુરાવાનું મૂલ્યાંકન અને ચર્ચા કરતાં અગાઉ આરોપી સામે ભારતીય ફોજદારી ધારાની જે કલમો અંગેનો ફરિયાદપક્ષનો આક્ષેપ છે તે અંગેની કાયદાની જોગવાઈઓ નીચે મુજબ ધ્યાને લેવામાં આવેલ છે.

**૧૧. બી.એન.એસ.ની કલમ–૨૮૧**

" જે કોઈ વ્યકિત' માણસોની જિંદગી જોખમમાં મુકાય અથવા અન્ય વ્યક્તિને વ્યથા કે હાનિ થવાનો સંભવ હોય એવી બેફામ રીતે અથવા બેદરકારીથી સરિયામ રસ્તા ઉપર કોઈ વાહન ચલાવે અથવા સવારી કરે તેને છ મહીના સુધીની બે માથી કોઈ એક પ્રકારની કેદની અથવા એક હજાર રુપિયા સુધીના દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામા આવશે."

ઉપરોકત જોગવાઈ મુજબ જો " આરોપીએ સરિયામ રસ્તા ઉપર બેદરાકારી પુર્વક, માણસોની જીંદગી જોખમમા મુકાય અથવા કોઈ વ્યકિતને હાનિ થવાનો સંભવ હોય એવી બેફામ રીતે વાહન ચલાવે તો જ ઉપરોકત જોગવાઈ મુજબનો આક્ષેપિત ગુનો પુરવાર થાય.

ઉપરોકત જોગવાઈ અને મોટર વ્હીકલ એકટ ૧૯૮૮ ની કલમ –૧૭૭,૧૮૪ ને ધ્યાને રાખીને નીચે મુજબની વિગતે ફરીયાદપક્ષે રજુ પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવેલ છે.

૧૨. આમ, ઉપરોકત વિગતે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ તમામ

સાહેદોનો પુરાવો જોતાં, ફરીયાદીએ પોતાની ફરીયાદને સમર્થનકારી હકીકત જણાવેલ છે. પરંતુ ફરીયાદીએ તેમની ઉલટતપાસમાં સ્વીકાર મુજબ બનાવ સ્થળ લોકોની અવરજરવર વાળો રહેણાંક વિસ્તાર છે . તે જોતા, આ કામે સ્વતંત્ર સાહેદ મળી શકે તેમ હોવા છતાં તેવા કોઈ સાહેદને ફરીયાદપક્ષ તપાસેલ નથી. પંચ/સાહેદ પંચનામાને સમર્થન આપેલ નથી અને જણાવેલ કે પોલીસે તેની હાજરીમાં કોઈ કાર્યવાહી કરેલ નથી અને તેઓએ પોલીસના કહેવાથી તૈયાર પંચનામામાં સહી કરી આપેલ છે. જેથી માત્ર પોલીસ સાહેદના પુરાવા ઉપર આધાર રાખી ફરીયાદ પક્ષના કેસ વ્યાજબી શંકાથી પર રહીને પુરવાર થયેલ છે તેમ માની શકાય નહી. તેમજ આ કામે રજુ સાહેદના પુરાવા જોતા, આરોપીની ઓળખ પુરવાર માની શકાય તેવી પણ કોઈ હકીકત પુરવાર થયેલ નથી. આમ, આરોપીની સ્થળે અને સમયે હાજરી અને આરોપીની ઓળખ પુરવાર થાય તેવો કોઈ પુરાવો ફરીયાદપક્ષે રજુ રાખેલ નથી. આમ, બેદરકારી ભર્યા ગફલતભર્યું વાહન ચલાવેલ હોયતેવી હકીકત ફરીયાદપક્ષે રજુ પુરાવો જોતાં પુરવાર થતી નથી. આમ,ફરીયાદપક્ષ રજુ પુરાવાથી આરોપી સામેનો કેસ વ્યાજબી શંકાથી પર રહીને પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય જેથી મુદા ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

૧૩. આમ, ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં અસફળ રહેલ હોવાનું મારુ વિનમ્રપણે માનવું હોવાથી હું તે મુજબ ઠરાવી **મુદ્દા નં .૧** નો જવાબ **નકારમાં** આપુ છું. અને **મુદ્દા નં .૨** બાબતે નીચે મુજબનો **આખરી હુકમ** કરવામાં આવે છે.

**-:: આખરી હુકમ::-**

૧. કકઆ કામના તહોમતદાર અલ્યાસભાઈ નુરઅલીભાઈ કાજેડીયા, રહે.વેજીટેબલ રોડ આદર્શ સોસાયટી, તા.જી.મોરબીવાળાઓને બી.એન.એસ.એસ.ની કલમ-૨૭૮(૧)ની જોગવાઈ અન્વયે બી.એન.એસ.ની કલમ-

૨૮૧ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના સજાને પાત્ર ગુન્હાના આરોપમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ મુજબના અપીલ સમય સુધીના જામીન રજૂ કરવા.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**તારીખ :–** ૧૫/૦૫/૨૦૨૬ **(પ્રશાંત પરમાનંદ શાહ)**

**સ્થળ :–** મોરબી. એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ,

મોરબી.

(U.I.C.NO. GJ00665 )

Guj. Steno. - Farhin Shekh